# S.U.G. College of Education, Vasna, Ahmedabad
## Semester-1
## ES-1
## Perspectives in Education

Dr. Darshana M. Patel

# એકમ :૩ (National Policy on Education) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 1986

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્‌ભવ :
- આઝાદી પહેલા અને આઝાદી પછી વિવિધ પંચોએ શિક્ષણ વિષયક કિંમતી સૂચનો કર્યા હતાં .
- પ્રથમ પંચવર્ષીય યોજનાથી શિક્ષણ પાછળના ખર્ચમાં ક્રમશ: વધારો થતો જોવા મળે છે .છતાં નીચેની કેટલીક બાબતો પરત્વે અસંતોષ રહે છે .તેને નિવારવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્‌ભવ થયો છે તેમ કહી શકાય .
- પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક ન બની શક્યું .
- માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ ન થયું .
- શિક્ષિત બેરોજગારીમાં વધારો
- સાક્ષરતાની ટકાવારી વધી પણ સાથે સાથે નિરક્ષરોની સંખ્યામાં વધારો
- નિષ્ઠાવાન શિક્ષકોનો તેમજ પાયાની ભૌતિક સુવિધાઓનો અભાવ
- શિક્ષકોની ગુણવત્તામાં સુધારો નહિવત

- સ્વાધ્યાયલક્ષી યોજના કાગળ પર ,સમૃદ્ધ પુસ્તકાલયોનો અભાવ .
- આજીવન શિક્ષણ અને ખુલ્લી વિદ્યાપીઠની યોજના યોગ્ય સ્વરૂપમાં સાકાર ન થઇ શકી .
- સમાજમાં મૂલ્યોનો દિન-પ્રતિદિન ઘટાડો
- પરીક્ષા પદ્ધતિ ખામીયુક્ત
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવનાનું  શિક્ષણ દ્વારા સર્જન નહિવત
- સમગ્ર રાષ્ટ્રમાં અસમાન અભ્યાસક્રમ માળખું  (10 +2+3 હોવું જોઈએ )
- કન્યા શિક્ષણ અસંતોષકારક
- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત કૌશલ્યો અને જ્ઞાનનો અભાવ
- શિક્ષણનો વ્યાપ અસમાન
- શિક્ષણ પાછળ ખર્ચાતી રકમની ફાળવણી  ઓછી.
- સ્ત્રીઓ ,અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શિક્ષણમાં લક્ષ્યાંક સિદ્ધ ન થવા .

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં લક્ષણો (વિશિષ્ટ પાસાં) :

- તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીનાં વિચારોને આધીન શિક્ષણ મંત્રાલય દ્વારા

  _ “ શિક્ષણને પડકાર - નીતિ પરિપ્રેક્ષ્ય “

  નામની પુસ્તિકા પ્રગટ કરી .( in 1985 )
- આ પુસ્તિકામાં પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થાની મર્યાદાઓ અને શિક્ષણ ક્ષેત્રે કેટલાંક નૂતન પરિવર્તનો સૂચવ્યા હતાં જેમાં -
- સરકારી અધિકારીઓ
- સંસદ સભ્યો
- કેળવણીકારો
- શિક્ષકો
- વાલીઓ
- વિદ્યાર્થીઓ
- ઉદ્યોગપતિઓ
- વ્યાપારીઓ અને અન્ય બૌદ્ધિકો પાસેથી વિચારોની પ્રાપ્તિ કરવામાં આવી .

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નીચેની બાબતોને મહત્વની ગણી છે :

- સર્વને સારા શિક્ષણ માટેની તકો ઉભી કરવી .
- રાષ્ટ્રીય શિક્ષણનું સમાન માળખું .
- રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCF – National Curriculum Framework)
- શિક્ષણના દરેક પગથિયે ન્યૂનતમ શિક્ષણ (MLL-Minimum Level of Learning)
- સમાનતા માટેનું શિક્ષણ
- પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ ,સ્થાયીકરણ અને ગુણવત્તા પર ભાર
- સામાન્ય માળખું -
- અધ્યેતાકેન્દ્રી શિક્ષણ પર ભાર
- મૂલ્યોના ઘડતર પર ભાર
- મૂલ્યાંકન પ્રક્રિયામાં સુધારણા કરવી - શૈક્ષણિક અને બિનશૈક્ષણિક બંને પાસાંઓનો સમાવેશ કરવો

# રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું :

- અભ્યાસક્રમનું હાર્દ તથા વિષયવસ્તુ સમાન છતાં પરિવર્તનશીલ હોય .
- રાષ્ટ્રીય વિકાસના ધ્યેયને હાંસલ કરવા માનવસંપતિનો વિકાસ કરવો .
- શિક્ષણની દરેક કક્ષાએ દરેક અધ્યેતાને વિશાળ પાયાનું જ્ઞાન આપવું .
- શિક્ષણ માટેની સામાન્ય નીતિ
- અભ્યાસક્રમમાં નીચેની હાર્દરૂપ બાબતોનો સમાવેશ કરવામાં આવશે
- ભારતની સ્વાતંત્ર્ય ચળવળને આવરી લેતો ઈતિહાસ
- બંધારણીય જવાબદારીઓ
- રાષ્ટ્રીયતાના ગૌરવને વધારનારી બાબતો
- રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો
- લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
- જાતીય સમાનતા
- પર્યાવરણનું રક્ષણ
- સામાજિક ભેદભાવ દૂર કરવા
- નાના કુટુંબનાં લક્ષ્યાંકનું પાલન કરવું
- વૈજ્ઞાનિક વલણ કેળવવું

# નમૂનાના આદર્શ વિદ્યાલયો-નવોદય વિદ્યાલય :

- નવોદય વિદ્યાલયોની યોજના હેઠળ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે 7 મી પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન દરેક જિલ્લામાં 1 વિદ્યાલય સ્થાપવાનું નક્કી થયું
- નવોદય વિદ્યાલય સારી ગુણવત્તાવાળા શિક્ષણની વ્યવસ્થા કરશે
- ગ્રામ્ય વિસ્તારના તેજસ્વી બાળકો માટે 75 % અનામત રાખવામાં આવશે
- અનુસુચિત જાતિ અને જનજાતિઓની જીલ્લાની વસ્તીના પ્રમાણમાં અને રાષ્ટ્રીય કક્ષાએ નક્કી થયેલ અનુક્રમે 15 અને 7.5 ટકાના દરે અનામત રાખવામાં આવશે .
- 1/3 ભાગ કન્યાઓ માટે
- રહેવાની , જમવાની તેમજ શિક્ષણની વિનામૂલ્ય સવલત
- આ શાળાઓ માધ્યમિક શિક્ષણના મધ્યસ્થ બોર્ડ સાથે સંલગ્ન રહેશે
- શિક્ષણનું માધ્યમ અંગ્રેજી અને હિન્દી રહેશે .
- ધોરણ - 6 થી ધોરણ - 12 સુધીનો અભ્યાસક્રમ રહેશે
- N.C.E.R.T. દ્વારા પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવશે
- 10 %વિદ્યાર્થીઓને અન્ય પ્રદેશની નવોદય વિદ્યાલયમાં અભ્યાસ માટે મોકલવામાં આવશે

# અધ્યેતાકેન્દ્રી અભિગમ :

- અધ્યેતા કેન્દ્રી અભિગમ એટલે શિક્ષણના કેન્દ્રસ્થાને અધ્યેતા અથવા બાળક જ હોય .
- અધ્યેતા કેન્દ્રી અભિગમ એટલે "શીખવવાની પ્રક્રિયા" નહિ પણ " શીખવાની પ્રક્રિયા " (Learning to Learn) - શીખવા માટે અધ્યયન .

# સતત સર્વગ્રાહી મૂલ્યાંકન :

- સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિની સાથે સાથે વિદ્યાર્થીઓના
- - શારીરિક સ્વાસ્થ્ય
- - ચારિત્ર્ય લક્ષણો
- -અભિરુચીઓ
- - વલણો

  વગેરે ક્ષેત્રોની પ્રગતિનું વારંવાર મૂલ્યાંકન અને તેનો અહેવાલ

# અપવ્યય :

- “ નિશ્ચિત કરેલ સમયગાળો પૂરો કર્યા પહેલા અધ્યેતા શાળાનો ત્યાગ કરે તેને અપવ્યય કહે છે .”
- અપવ્યય થવાથી અધ્યેતાની પાછળ ખર્ચેલાં નાંણા,શક્તિ અને સમયનો બગાડ (wastage) થાય છે.

<u>અપવ્યયનાં કારણો :</u>

- 1.આર્થિક કારણો
- 2.સામાજિક કારણો
- ૩.શૈક્ષણિક કારણો

<u>અપવ્યય હળવો કરવાના ઉપાયો :</u>

# મહિલાઓની સમાનતા માટેનું શિક્ષણ :

- ભારતમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જાએ ઘણા તડકા -છાયાં જોયા છે .
- વૈદિક કાળમાં મહત્વનું સ્થાન હતું
- સમયના વહેણ સાથે તેનો દરજ્જો ઘટતો ગયો .
- સ્વાતંત્ર્યપ્રાપ્તિ સમયથી જ મહિલાઓને શિક્ષણની તકો પૂરી પાડવી  તે શિક્ષણ વિભાગનો મહત્વનો કાર્યક્રમ બન્યો છે .

# છોકરીઓ માટે સમાન શૈક્ષણિક તકના અંતરાયો: અને અંતરાયો દૂર કરવાના ઉપાયો :

- સામાજિક જાગૃતિનો અભાવ
- પ્રાથમિક કે માધ્યમિક તબક્કે અપવ્યય અને સ્થગિતતા
- મિશ્ર શાળાઓ
- કન્યાઓ માટે અલગ અભ્યાસક્રમ નથી
- ગ્રામ્ય વિસ્તારોમાં અન્ય કામને મહત્વ ,શિક્ષણને નહી
- ઘરથી શાળા દૂર હોવી

# શિક્ષકનો દરજ્જો અને ભૂમિકા :

- શિક્ષકનો સામાજિક દરજ્જો
- શિક્ષકનો આર્થિક દરજ્જો
- શિક્ષકનો વ્યવસાયિક દરજ્જો

# Thank you